# માન.ધારાસભ્યશ્રી કમલેશભાઇ પટેલ, પેટલાદ

માર્ગ અને મકાન વિભાગની માંગણી ક્રમાંક – ૮૬ માર્ગો અને પુલો માટે રજુ થયેલ પુરક માંગણીને હું સમર્થન આપુ છું.

રાજય સરકાર દ્વારા રાજયના તમામ વિસ્તારોને મહત્વ આપીને રાજયનો સર્વાંગી વિકાસ થાય તે રીતે માર્ગ વિકાસ કરેલ છે. તથા તેની સુપેરે જાળવણી તથા કક્ષા ઉંચી લાવવાના કામો હાથ ધરવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા ટુરીસ્ટ સરકીટ તથા પરીક્રમાપથ યોજના અંતર્ગત વિવિધ કામો હાથ ધરેલ છે. સાપુતારા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો વૈકલ્પિક રસ્તો સાપુતારા, શબરીધામ, સોનગઢ, સેરૂલા, ઝરવાણી થઈને ગોરા થઈને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો નવો રસ્તો જેની કુલ લંબાઇ ૨૧૭.૮૦ કી.મી. થાય છે. જેને વિકસાવવામાં આવે તો સાપુતારા, શબરીધામ, ઝરવાણી ધોધ થઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પ્રવાસીઓ પહોંચી શકે તે માટે ૩૮.૫ કી.મી. લંબાઇમાં ખૂટતી કડીનો રસ્તો બનાવવામાં આવે તો

સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે એક ટૂંકો વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ થાય તેમ છે તથા આદિજાતિ વિસ્તારના નાગરિકોને લાભ મળશે. જેની કુલ અંદાજીત રકમ રૂ.૧૬૬૯.૮૦ કરોડ થાય છે. તે ધ્યાને લેતા વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં નવી આઇટમનો સમાવેશ કરેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં કુલ ૯૫.૦૦ કિ.મી. લંબાઇના ૬ રસ્તાઓને રૂ.૨૧૯.૧૭ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

**મારા મતવિસ્તારની વાત કરુ તો,**

પેટલાદ મતવિસ્તારમાં વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન વિભાગ દ્વારા રીસરફેસીંગના ૩૭ રસ્તાના રૂ. ૩૦ કરોડના કામો મંજુર કરવામાં આવેલ છે તથા દંતાલી-આશી-સુરકુવા રોડ માટે રૂ.૬૦.૦૦ લાખ, મઘરોલ-ગાળા-બાલીટા રોડ માટે રૂ.૫૦.૦૦ લાખ જેવા કામોને મંજુરી મળેલ છે.

આમ વિભાગ દ્વારા ઉત્તરોત્તર પ્રશંષનીય કામગીરી કરવામાં આવી રહેલ છે. તે ધ્યાને લેતાં વર્ષ ૨૦૨૩-૨૪ની વિભાગની પુરક નાણાકીય માંગણીને હું સમર્થન કરૂ છું.